PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૭/કવા–૦૪/૧૬–૧૭/ ૩૫૨૯ તા. ૨૬/૦૪/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
શ્રી ગોવિંદભાઈ ખીમાણંદ રાવલીયા,
પુનિતનગર શેરીનો –૧/ –અ–,
રેડીયો કોલોની પાછળ,
જામનગર રોડ
રાજકોટ–૩૬૦૦૦૬
મો: ૯૦૯૯૪૪૦૪૪૫

**વિષય :–બળેલ મીટર ની રકમ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૩–૦૩–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૭૭/કવા–૦૪/૧૬–૧૭ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૫.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી,વડત્રા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No:- 06 / C

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૭૭/કવા–૦૪/૧૬–૧૭ | કમિટી મીટીંગઃ તા. ૨૭–૦૪–૧૭ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: શ્રી ગોવિંદભાઈ ખીમાણંદ રાવલીયા, ગામ: જામનગર**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ગોવિંદભાઈ ખીમાણંદ રાવલીયા હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી,વડત્રા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)**

**રજુઆત કરનાર ~~કે.સી. ચૌહાણ~~ (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, દ્વારકા)**

## : હુકમ :

**ફરીયાદ : બળેલ મીટર ની રકમ બાબત**

**મુદદા નં.–૧ :** **પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના અગાઉ ના ફોરમ દ્વારા હુકમીત થયેલ, કેઈસ નં.: પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૧૬/કવા–૦૨/૧૫–૧૬/૨૨૦૭ તા.૦૨–૦૩–૧૬ ના હુકમ મુજબ, તેઓ શ્રી ની ફોરમ સમક્ષ ની મુખ્ય માંગણી મુજબ, તેઓ શ્રી ના, ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૧૮/૦૦૩૦૯/૯ ( મીટર ટેરીફ – એ–૨ કેટેગરી) જોડાણ નુ, ક્ષતિગ્રસ્ત મીટર પીજીવીસીએલ તરફથી, તા.૧૯–૦૯–૧૫ થી સદર ક્ષતિગ્રસ્ત મીટર બદલાવી આપેલ હતુ. અને ત્યારબાદ, આ ક્ષતિગ્રસ્ત મીટર ની તા.૨૯–૦૯–૧૫ ના રોજ ની લેબોરેટરી ચકાસણી દરમ્યાન, પીજીવીસીએલ તરફથી સદર મીટર ને '' આંતરીક રચના બળેલ '' હોવાનુ જાહેર કરાયેલ હતુ. જેથી, અરજદાર શ્રી ની, સદર કેઈસ મા, મુખ્ય માંગણીઓ નીચેના મુદદા નં. ૧.૨,૧.૩,૧.૪ મા વર્ણવ્યા મુજબ ની વિનંતી સાથે ની મુખ્ય માંગણીઓ સાથે, તેઓ શ્રી નો અગાઉ હુકમીત થયેલ કેઈસ રીવ્યુ કરવા, ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૨ | ઉપરોક્ત મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, તેઓ શ્રી ના જોડાણ નુ મીટર ક્ષતિગ્રસ્ત ( બળેલ મીટર) જાહેર થયેલ છે. જેથી, પીજીવીસીએલ તરફથી, તેઓ શ્રી ના જોડાણ ના સદર બળેલ મીટર નો ચાર્જ રૂ.૨,૨૭૫/–, જે તેઓ શ્રી પાસેથી વસુલ કરેલ છે. આ બાબત, ન્યાયિક રીતે યોગ્ય અને વ્યાજબી ન જણાતા, અરજદાર શ્રી એ, સદર બળેલ મીટર ની રકમ રૂ.૨,૨૭૫/– નો ચાર્જ રીફંડ મેળવવા માટે, અત્રેના ફોરમ સમક્ષ વિનંતી કરેલ છે. |
| ૧.૩ | ઉપરોક્ત મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ના, તેઓ શ્રી ના સદર જોડાણ મા, સદર ક્ષતિગ્રસ્ત મીટર બદલાવ્યા અને નવુ મીટર લગાડયા ની તા.૧૯–૦૯–૧૫ પહેલા ના અપાયેલ એવા, (૧) માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૪ ના ૪૮૦ ફોલ્ટી મીટર સ્ટેટસ યુનીટ (૨) માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૫ ના ૫૦૦ ફોલ્ટી મીટર સ્ટેટસ યુનીટ (૩) માહે માર્ચ–એપ્રીલ– ૧૫ ના ૫૦૦ ફોલ્ટી મીટર સ્ટેટસ યુનીટ (૪) માહે મે–જુન– ૧૫ ના ૫૦૦ ફોલ્ટી મીટર સ્ટેટસ યુનીટ (૫) માહે જુલાઈ–ઓગષ્ટ– ૧૫ ના ૫૦૦ ફોલ્ટી મીટર સ્ટેટસ યુનીટ ના – અગાઉ ક્ષતિગ્રસ્ત મીટર મુજબ નુ જે બીલીગ અગાઉ થયેલ છે, તે ૦૫ વીજબીલો, જે અગાઉ ના ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા ના વીજવપરાશી યુનીટ ને આનુષાંગીક છે. જેથી, સદર ૦૫ વીજબીલો, જે – '' અગાઉ ના ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા ના વીજવપરાશી યુનીટ ના ધોરણે નહી, પરંતુ, તા.૧૯–૦૯–૧૫ પછી લગાડવામા આવેલ, નવા મીટર મા નોંધાયેલ ખરેખર વાસ્તવિક વીજવપરાશી યુનીટ મુજબ ની પ્રતિ બીલ સરેરાશ ના ધોરણે રીવાઇઝ કરવા '' અરજદાર શ્રી એ ફોરમ સમક્ષ વિનંતી કરેલ છે. |

| | |
|---|---|
| **૧.૪** | ફરીયાદી અરજદાર શ્રી, તેઓ શ્રી ની સવાલવાળી અરજી તેમજ ફોરમ સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહીને, મૌખીક ચર્ચાઓ કરીને, ફોરમ કમિટી ને ભારપૂર્વક જણાવે છે કે, તા.૧૯–૦૯–૧૫ ના રોજ, તેઓ શ્રી ના જોડાણ મા લગાડવામા આવેલ નવા મીટર મા, વીજવપરાશ મુજબ યોગ્ય યુનીટ નોંધાય છે. પરંતુ, પીજીવીસીએલ ના મીટર રીડરો તરફથી, નવા મીટર લગાડયા તા.૧૯–૦૯–૧૫ થી આજદિન સુધી, એક પણ નિયમીત બીલીંગ સમયે, સ્થળ પર રૂબરૂ મીટર નુ વાંચન કરી અને વાસ્તવિક વીજવપરાશી યુનીટ મુજબ ના એક પણ વીજબીલો અપાયેલ નથી. પરંતુ, નવુ મીટર લગાડયા તા.૧૯–૦૯–૧૫ પછી ના તમામ એવા, (૧) માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૫ – ૧૭૦ લોક યુનીટ, (૨) માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૫ ના ૧૭૦ લોક યુનીટ, (૩) માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૬ ના ૨૯૪ વાસ્તવિક યુનીટ, (૪) માહે માર્ચ–એપ્રીલ– ૧૬ ના ૨૭૦ લોક યુનીટ (૫) માહે મે–જુન– ૧૬ – ૨૭૦ લોક યુનીટ (૬) માહે જુલાઈ–ઓગષ્ટ– ૦ લોક યુનીટ (૭) માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૬ –૪૮૩ વાસ્તવિક યુનીટ (૯) માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૬ – ૨૩૦ લોક યુનીટ (૧૦) માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૭ – ૨૩૦ લોક યુનીટ – એમ કુલ ૧૦ બીલીંગ સમયગાળા ના, આજદિન સુધી ના ૨૦ માસ ના, સદર વીજબીલો – '' જે સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રહી, મીટર મા નોંધાયેલ વાસ્તવિક વીજવપરાશી યુનીટ નોંધી, અને જણાયેલ એવા અદ્યતન સ્થિતી ના વાસ્તવિક યુનીટ માથી– મીટર લગાડયા તા.૧૯–૦૯–૧૫ ના રોજ ના શરૂઆતના રીડીંગ ( જે શરૂઆતના ૦૦૦૦૦ રીડીંગ થી લગાડવામા આવેલ છે.) તે ૦૦ યુનીટ બાદ કરી, અને બાકી રહેતા, કુલ યુનીટ માથી, અગાઉ ના ૨૦ માસ ના ૧૦ વીજબીલો ના, અપાયેલ તમામ લોક અને વાસ્તવિક યુનીટ ની સંખ્યા બાદ કરી – અને તે મુજબ બાકી રહેતા યુનીટ મુજબ નુ જ બીલ કરી, તે મુજબ / ઉધાર / જમા ની એન્ટ્રી બીલીંગ ખાતામા કરી'' અને તે મુજબ, તેઓ શ્રી ના જોડાણ મા નિયમીત વીજબીલીંગ કરવા બાબતે, અરજદાર શ્રી એ ખાસ ભારપૂર્વક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | ફરીયાદી અરજદાર શ્રી ના અગાઉ ના ફોરમ દ્વારા હુકમીત થયેલ, કેઈસ નં.: પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૧૬/કવા–૦૨/૧૫–૧૬/૨૨૦૭ તા.૦૨–૦૩–૧૬ ના હુકમ મુજબ – તેઓ શ્રી ના ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૧૮/૦૦૩૦૯/૯ ( મીટર ટેરીફ – એ–૨ કેટેગરી) નુ મીટર નુ જુનુ એલએન્ડટી કંપની ના મીટર નંબર : પીજી ૦૮૨૩૨૦૩૮, જે પર્ફોમા –૧૫ નંબર: ૧૩૯૨૩ તા.૨૯–૦૯–૧૫ થી સ્થળ પર થી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. આ સમયે, મીટર મા '' ક્ષતિગ્રસ્તતા ને કારણે – રીડીંગ અવાચ્ય જણાયેલ હતા.'' આ સમયે, એટલેકે તા.૧૯–૦૯–૧૫ ના રોજ સ્થાપન પર નવુ જીનસ કંપની ના મીટર નંબર : પીજી ૬૪૧૧૦૭, જે શરૂઆતના ૦૦૦૦૦૦ રીડીંગ થી લગાડવામા આવેલ હતુ. આમ, ફરીયાદી અરજદાર શ્રી ની અગાઉ ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી આ મુજબ ની કાર્યવાહી થયેલ હતી. |
| **૨.૨** | ત્યારબાદ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે ના, અરજદાર શ્રી ના જોડાણ ના તા.૧૯–૦૯–૧૫ ના રોજ ના સ્થળ પરથી ઉતારાયેલ એલએન્ડટી કંપની ના મીટર નંબર : પીજી ૦૮૨૩૨૦૩૮ ને, ફરીયાદી અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, પીજીવીસીએલ ની લેબોરેટરી મા તા.૨૯–૦૯–૧૫ ના ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન સદર જુનુ મીટર '' મીટર ની આંતરીક રચના બળેલ '' હોવાની બાબત ની નોંધ, જે લેબોરેટરી ચકાસણી રીપોર્ટ મા કરવામા આવેલ છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી ના જોડાણ નુ સદર મીટર '' બળેલ '' જાહેર થયેલ છે. બળેલ મીટર ના કેઈસ મા, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૬.૩૬ (૨) મા કરાયેલ જોગવાઈ મુજબ, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ એવી નિયમાધીન પ્રણાલી – એટલેકે – સદર પ્રકાર ના બળેલ એવા થ્રી ફેઇઝ મીટર ની કિંમત – જે જે તે સમયે – આવા મીટરો ની ખરીદી ની એટી (ખરીદ ઓર્ડર) મા દર્શાવ્યા મુજબ ની મીટર ની કિંમત– એટલેકે રૂ.૨,૨૭૫/–, જે અરજદાર શ્રી પાસેથી વસુલ કરવાની બાબત, નિયમાધીન હોય – આવા નિયમાધીન કારણોસર, અરજદાર શ્રી પાસેથી '' બળેલ મીટર '' ની કિંમત વસુલવાની જે કાર્યવાહી કરાયેલ છે, તે નિયમાધીન યોગ્ય છે. |

| | |
|---|---|
| **૨.૩** | ફરીયાદી અરજદાર શ્રી ના સ્થાપન પર, ઉપરોક્ત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે ના ક્ષતિગ્રસ્ત મીટરના હૈયાતી ના સમયગાળા ના અગાઉ ના – એટલેકે સદર ક્ષતિગ્રસ્ત મીટર બદલાવ્યા તા.૧૯–૦૯–૧૫ પહેલા ના અપાયેલ એવા, (૧) માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૪ ના ૪૮૦ ફોલ્ટી મીટર સ્ટેટસ યુનીટ (૨) માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૫ ના ૫૦૦ ફોલ્ટી મીટર સ્ટેટસ યુનીટ (૩) માહે માર્ચ–એપ્રીલ– ૧૫ ના ૫૦૦ ફોલ્ટી મીટર સ્ટેટસ યુનીટ (૪) માહે મે–જુન– ૧૫ ના ૫૦૦ ફોલ્ટી મીટર સ્ટેટસ યુનીટ (૫) માહે જુલાઈ–ઓગષ્ટ– ૧૫ ના ૫૦૦ ફોલ્ટી મીટર સ્ટેટસ યુનીટ ના – અગાઉ ક્ષતિગ્રસ્ત મીટર સ્ટેટસ હેઠળ ની – જીઈઆરસી ની માર્ગદર્શક જોગવાઈ મુજબ – જે, જોડાણ મા સ્થપાયેલ '' સરેરાશ બીલીગ વીજવપરાશી યુનીટ '' મુજબ નુ, જે બીલીગ – સદર ૦૫ વીજબીલો નુ બીલીગ થયેલ છે. તે નિયમાધીન યોગ્ય છે. |
| **૨.૪** | ફરીયાદી અરજદાર શ્રી ના સ્થાપન પર, તા.૧૯–૦૯–૧૫ ના રોજ લગાડવામા આવેલ એવા, નવા જીનસ કંપની ના મીટર નંબર : પીજી ૬૪૧૧૦૭ – જે તા.૧૯–૦૯–૧૫ ના રોજ શરૂઆતના ૦૦૦૦૦૦ રીડીગ થી લગાડવામા આવેલ છે. આ મીટર લગાડયા પછીના, એવા તમામ બીલો, જેમકે (૧) માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૫ – ૧૭૦ લોક યુનીટ, (૨) માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૫ ના ૧૭૦ લોક યુનીટ, (૩) માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૬ ના ૨૯૪ વાસ્તવિક યુનીટ, (૪) માહે માર્ચ–એપ્રીલ– ૧૬ ના ૨૭૦ લોક યુનીટ (૫) માહે મે–જુન– ૧૬ – ૨૭૦ લોક યુનીટ (૬) માહે જુલાઈ–ઓગષ્ટ– ૦ લોક યુનીટ (૭) માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૬ –૪૮૩ વાસ્તવિક યુનીટ (૯) માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૬ – ૨૩૦ લોક યુનીટ (૧૦) માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૭ – ૨૩૦ લોક યુનીટ – એમ કુલ ૧૦ બીલીગ સમયગાળા ના, આજદિન સુધી ના ૨૦ માસ ના, સદર વીજબીલો – માહેના મોટા ભાગના બીલો, જે નિયમીત મીટર રીડરો તરફથી, જોડાણ વાળા સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રહી, અને મીટર મા નોંધાયેલ ખરેખર વાસ્તવિક વીજવપરાશી યુનીટ મુજબ ની વીજવપરાશ ના અપાયેલ નથી. ફરીયાદી અરજદાર શ્રી ની સદર ફરીયાદ ને યોગ્ય અને વ્યાજબી પણા હેઠળ આવરી લેવાયેલ છે. અને હવે સદર જોડાણ મા નિયમીત વીજબીલીગ જે ખરેખર સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રહી ને જ કરવામા આવે, એટલેકે વાસ્તવિક બીલીગ કરવામા આવે, તે મુજબ ની ગંભીર સુચનાઓ મીટર રીડરો ને અપાયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ના સ્થાપન પર નુ સવાલવાળુ મીટર, જે લેબોરેટરી ચકાસણી દરમ્યાન '' બળેલ મીટર '' જાહેર થયેલ છે. આવા કેઈસ મા, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૩૬ (૨) મા કરાયેલ જોગવાઈ મુજબ, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ એવી નિયમાધીન પ્રણાલી – એટલેકે – સદર પ્રકાર ના બળેલ એવા થ્રી ફેઇઝ મીટર ની કિંમત, વીજ ગ્રાહક પાસેથી વસુલાત કરવાની બાબત નિયમાધીન છે. આ નિયમાધીન બાબતો અંતર્ગત અરજદાર શ્રી પાસેથી, સદર બળેલ મીટર ની કિમત – એટલેકે રૂ.૨,૨૭૫/–, જે પીજીવીસીએલ દ્વારા અરજદાર શ્રી પાસેથી વસુલ કરવાની, જે કાર્યવાહી કરાયેલ છે, તે કાર્યવાહી ને ફોરમ કમિટી નિયમાધીન યોગ્ય ઠેરવે છે. |
| **૩.૨** | ફરીયાદી અરજદાર શ્રી ના સ્થાપન પર નુ સવાલવાળા ક્ષતિગ્રસ્ત મીટરની હૈયાતી ના સમયગાળા ના, એટલેકે સવાલવાળુ ક્ષતિગ્રસ્ત મીટર બદલાવ્યા પહેલાના સમયગાળા ના – અગાઉ ના ૦૫ વીજબીલો, એટલેકે (૧) માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૪ ના ૪૮૦ ફોલ્ટી મીટર સ્ટેટસ યુનીટ (૨) માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૫ ના ૫૦૦ ફોલ્ટી મીટર સ્ટેટસ યુનીટ (૩) માહે માર્ચ–એપ્રીલ– ૧૫ ના ૫૦૦ ફોલ્ટી મીટર સ્ટેટસ યુનીટ (૪) માહે મે–જુન– ૧૫ ના ૫૦૦ ફોલ્ટી મીટર સ્ટેટસ યુનીટ (૫) માહે જુલાઈ–ઓગષ્ટ– ૧૫ ના ૫૦૦ ફોલ્ટી મીટર સ્ટેટસ યુનીટ ના વીજબીલો, જે અગાઉ, ક્ષતિગ્રસ્ત મીટર સમયગાળા ની અગાઉ ની પ્રસ્થાપિત થયેલ પ્રતિ બીલીગ સરેરાશ હેઠળ અપાયેલ હતા. તે |

| | |
|---|---|
| | વીજબીલો ખરેખર '' તા.૧૯–૦૯–૧૫ ના રોજ નવા લગાડવામા આવેલ એવા નવા મીટરમા '' મીટર લગાડવામા આવેલ તા.૧૯–૦૯–૧૫ થી તા.૩૧–૦૩–૧૭ સુધી ના ૧૮ માસ ના કુલ ૦૯ દ્રીમાસીક બીલીગ સમયગાળા દરમ્યાન, સદર મીટર મા વાસ્તવિક વીજવપરાશી એવા નોંધાયેલ કુલ યુનીટ ના સરવાળા ને, ૦૯ દ્રીમાસીક બીલીગ મા વિભાજીત કરી, એ મુજબ – પ્રતિ બીલ વાસ્તવિક એવી વીજવપરાશી યુનીટ ની – ખરેખર જણાયેલ સરેરાશ મુજબ ના યુનીટ ના ધોરણે જ, સદર ૦૫ વીજબીલો, જે અરજદાર શ્રી ની લેખીત પત્ર મારફત, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ રીવાઇઝ કરવા નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૩** | ફરીયાદી અરજદાર શ્રી ના જોડાણ મા તા.૧૯–૦૯–૧૫ થી લગાડવામા આવેલ નવા મીટર નુ નિયમીત વીજબીલીગ, જે નવુ મીટર લગાડયા તા.૧૯–૦૯–૧૫ થી આજદિન સુધી થયેલ ન હોવાની બાબત, ખુદ પીજીવીસીએલ પક્ષકારે, મુદ્દા નં.૨.૪ મુજબ ની વિગતે સ્વીકારેલ છે. પીજીવીસીએલ ના મીટર રીડરો ની આવી બેદરકારી ના કારણોસર, અરજદાર શ્રી ના જોડાણ મા, નવુ મીટર લગાડયા તા.૧૯–૦૯–૧૫ થી આજદિન સુધી ના, કુલ ૧૦ દ્રીમાસીક વીજબીલો, જેમકે (૧) માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૫ – ૧૭૦ લોક યુનીટ, (૨) માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૫ ના ૧૭૦ લોક યુનીટ, (૩) માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૬ ના ૨૯૪ વાસ્તવિક યુનીટ, (૪) માહે માર્ચ–એપ્રીલ– ૧૬ ના ૨૭૦ લોક યુનીટ (૫) માહે મે–જુન– ૧૬ – ૨૭૦ લોક યુનીટ (૬) માહે જુલાઈ–ઓગષ્ટ– ૦ લોક યુનીટ (૭) માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૬ –૪૮૩ વાસ્તવિક યુનીટ (૯) માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૬ – ૨૩૦ લોક યુનીટ (૧૦) માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૭ – ૨૩૦ લોક યુનીટ – એમ કુલ ૧૦ બીલીગ સમયગાળા ના ૨૦ માસ ના, સદર ૧૦ વીજબીલો, જે ખરેખર વાસ્તવિક વીજવપરાશી યુનીટ ને બદલે, મોટા ભાગના બીલો, '' લોક યુનીટ '' મુજબ ના અપાયેલ છે. ફોરમ કમિટી ને સદર બાબત, સબંધક કચેરી ના સબંધક મીટર રીડર ની બેદરકારી ના કારણોસર ની જણાયેલ છે. જેથી, અરજદાર શ્રી ના સદર જોડાણ મા, '' તા.૧૯–૦૯–૧૫ ના રોજ નવા લગાડવામા આવેલ એવા નવા મીટરમા '' મીટર લગાડવામા આવેલ તા.૧૯–૦૯–૧૫ થી તા.૩૧–૦૩–૧૭ સુધી ના ૧૮ માસ ના કુલ ૦૯ દ્રીમાસીક બીલીગ સમયગાળા દરમ્યાન – સદર મીટર મા વાસ્તવિક વીજવપરાશી એવા નોંધાયેલ કુલ યુનીટ ના સરવાળા માથી, અરજદાર શ્રી ના જોડાણ મા સદર ૧૦ વીજબીલો ના લોક યુનીટ / વાસ્તવિક યુનીટ ના કુલ સરવાળા ના યુનીટ ને બાદ કરી ને, બાકી રહેતા યુનીટ મુજબ જ ની આખરી વસુલાત અરજદાર શ્રી પાસેથી કરવાની બાબત ફોરમ કમિટી ને ન્યાયિક રીતે યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે. જેથી, સદર મુજબ ની કાર્યવાહી, જે પેટા વિભાગીય કચેરી કક્ષાએથી સંપન્ન કરી, સદર જોડાણ ના બીલીગ એકાઉન્ટ મા પણ, આ મુજબ ની નોંધ ફાઈનલ કરી, અને તે મુજબ, સદર કુલ ૧૦ દ્રીમાસીક વીજબીલો ને, રીવાઇઝ કરવા બાબતે, સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી ની લેખીત પત્ર મારફત, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ રીવાઇઝ કરવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી પાસેથી, પીજીવીસીએલ દ્રારા વસુલ કરાયેલ એવી બળેલ મીટર ની કિંમત રૂ.૨,૨૭૫/– ની વસુલાત ની બાબત, જે જીઈઆરસી ના માર્ગદર્શક ધારાધોરણ અન્વયે ની હોય, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. |
| **૪.૨** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ મા ક્ષતિગ્રસ્ત મીટર બદલાવ્યા પહેલાના, સવાલવાળા ૦૫ વીજબીલો, જે જોડાણ મા તા.૧૯–૦૯–૧૫ ના રોજ લગાડવામા આવેલ નવા મીટર મા સ્થપાયેલ પ્રતિ દ્રીમાસીક વીજબીલીગ, સરેરાશ યુનીટ વીજવપરાશ ના ધોરણે, દિન–૧૦ મા જ રીવાઇઝ કરી,અને તે રીવીઝન મુજબ ની જાણકારી, જે અરજદાર શ્રી ને અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, લેખીત પત્ર મારફત આપવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

| | |
|---|---|
| <u>૪.૩</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ મા તા.૧૯–૦૯–૧૫ ના રોજ લગાડવામા આવેલ નવા મીટર મા, મીટર લગાડયા તા.૧૯–૦૯–૧૫ થી તા.૩૧–૦૩–૧૭ સુધી ના કુલ ૧૮ માસ દરમ્યાન સદર મીટર મા ખરેખર નોંધાયેલ કુલ યુનીટ ના સરવાળા માથી – અરજદાર શ્રી ના જોડાણ મા, મુદદા નં. ૩.૩ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ના સવાલવાળા કુલ ૧૦ વીજબીલો ના લોક યુનીટ / વાસ્તવિક યુનીટ એવા કુલ યુનીટ ના સરવાળા ના યુનીટ ને બાદ કરી ને – બાકી રહેતા યુનીટ મુજબ જ ની આખરી વસુલાત અરજદાર શ્રી પાસેથી કરવા માટે ની, કરવા યોગ્ય કાર્યવાહી, પીજીવીસીએલ કક્ષાએથી સંપન્ન કરીને, તે મુજબ ની જાણકારી, જે અરજદાર શ્રી ની લેખીત પત્ર મારફત, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ રીવાઇઝ કરવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ०૧૫" સમક્ષ લેખિત** અપીલ અરજી કરી શકાય છે. **અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ** પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.